PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST :
Assistant Professor in Gujarati, Class-II (AYZ)
Advt No. :69/2016-17
Date of Preliminary Test : 5/2/2017
Subject : Concerned Subject ( 101 to 300 )

101. નીચેનામાંથી કોણ આખ્યાનકાર નથી?

(A) નાકર

(B) તાપીદાસ

(C) પ્રેમાનંદ

(D) તિલકવિજયજી

**102.** 'અજામિલાખ્યાન'ના રચયિતા કોણ છે?

(A) પ્રેમાનંદ

(B) દયારામ

(C) નાકર

(D) વિષ્ણુદાસ

**103.** સ્વામી આનંદનું મૂળનામ શું હતું?

(A) હિંમતલાલ રમેશભાઈ દવે

(B) હિંમતલાલ રામચંદ્ર દવે

(C) હિંમતલાલ રામચંદ્ર ગોસાઈ

(D) હિંમતલાલ નાથાલાલ દવે

**104.** 'વેઈટિંગ ફોરગોદો' નાટકનો ગુજરાતીમાં અનુવાદ કોણે કર્યો છે?

(A) શિરીષ પંચાલ

(B) બળવંત જાની

(C) સુમન શાહ

(D) રવીન્દ્ર ઠાકોર

**105.** 'મહાભારત' માં કુલ કેટલાં પર્વ છે?

(A) 10

(B) 07

(C) 18

(D) 05

**106.** 'બૃહદપિંગળ' ગ્રંથના કર્તા કોણ છે?

(A) રા. વિ. પાઠક

(B) નર્મદ

(C) પિંગળ મુનિ

(D) દલપતરામ

**107.** નીચેનામાંથી કઈ નવલકથા, ક. મા. મુનશીની નથી?

(A) પાટણની પ્રભુતા

(B) સ્વપ્નદ્રષ્ટા

(C) ચૌલાદેવી

(D) વેરની વસૂલાત

**108.** ટી.એસ.એલિયટનું 'ધ વેસ્ટલેન્ડ' કાવ્ય કઈ સાલમાં પ્રકાશિત થયું.

(A) 1922

(B) 1918

(C) 1928

(D) 1916

**109.** નીચેનામાંથી કઈ નવલકથા મનોવૈજ્ઞાનિક પ્રકારની છે?

(A) માદામ બોવારી

(B) ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ

(C) ધ આઉટસાઈડર

(D) ધ ઓલ્ડમેન એન્ડ ધ સી

110. પ્લેટો ક્યાં સિદ્ધાંત માટે જાણીતા છે?

(A) રૂપાંતરણ (B) અનુકરણ

(C) ઉદાત્તતા (D) વસ્તુલક્ષી સહસંબંધક

111. 'યુલિસિસ' નવલકથામાં કઈ કથનપ્રયુક્તિ છે?

(A) વર્ણનાત્મક (B) ડાયરાલેખન

(C) આંતરચેતના પ્રવાહ (D) પત્રલેખન

112. શેક્સપિયરના 'ઓથેલો' નાટકનાં ખલપાત્રનું નામ શું છે?

(A) રોડરિગો (B) કેસિઓ

(C) એરિક (D) ઈઆગો

113. એગામેમ્મન ક્યાંના રાજા હતા?

(A) ટ્રોય (B) રોમ

(C) ડેન્માર્ક (D) આર્ગોસ

114. રાઈનર મારિયા રિલ્કે ક્યા દેશના વતની હતા?

(A) અમેરિકા (B) જર્મની

(C) ઈંગ્લેન્ડ (D) સ્પેઈન

115. 'વનહન્ડ્રેડ ઈયર ઓફ સોલિટ્યુડ' ના સર્જક કોણ છે?

(A) સલમાન રશદી (B) હેમિંગ્વે

(C) ગ્રેબિયલ ગાર્સિયા માર્કવેઝ (D) ફ્લોબેર

116. નીચેનામાંથી કઈ કૃતિ ફ્રાન્ઝ કાફકાની નથી?

(A) મેટામોર્ફોસિસ (B) ધ પ્લેગ

(C) ધ ટ્રાયલ (D) ધ કાસલ

117. ઈબ્સનનું 'ડોલ્સ હાઉસ' કઈ સાલમાં પ્રકાશિત થયું?

(A) 1879 (B) 1949

(C) 1899 (D) 1901

118. 'હજાર ચુરાશીરમાં' નવલકથાનો ગુજરાતી અનુવાદ કોણે કર્યો છે?
(A) નગીનદાસ પારેખ
(B) રમણલાલ સોની
(C) નિઃસ્પૃહા દેસાઈ
(D) અનીતા દલાલ

119. 'ઈંગ્લાંડની મુસાફરી' ના કર્તા કોણ છે?
(A) મહિપતરામ નીલકંઠ
(B) રમણભાઈ નીલકંઠ
(C) રસિક ઝવેરી
(D) નંદકુંવરબા

120. નીચેના નિબંધોમાંથી કયો નિબંધ નવલરામ પંડ્યાનો છે?
(A) મંડળી મળવાથી થતા લાભ
(B) સ્ત્રી કેળવણી
(C) ઓથારિયો હડકવા
(D) રામ અને કૃષ્ણ

121. નીચેનામાંથી કઈ કૃતિ કાલિદાસની નથી?
(A) મેઘદૂત
(B) કુમારસંભવમ્
(C) કર્ણભાર
(D) અભિજ્ઞાન શાકુંતલ

122. 'અવસાનસંદેશ' ના કવિ કોણ છે?
(A) નર્મદ
(B) ખબરદાર
(C) રા. વિ. પાઠક
(D) નરસિંહરાવ દિવેટિયા

123. નીચેનામાંથી કઈ નવલકથા ઈશ્વર પેટલીકરની નથી?
(A) તરણાં ઓથે ડુંગર
(B) મારી હૈયાસગડી
(C) ના છૂટકે
(D) ભવસાગર

124. આ પૈકી ક્યું એકાંકી ચુનીલાલ મડિયાનું નથી?
(A) વિષ વિમોચન
(B) સમ્રાટ શ્રેણિક
(C) કડલાં
(D) મહાજનને ખોરડે

125. આ પૈકી કઈ નવલકથા ધ્રુવ ભટ્ટની નથી?
(A) અકૂપાર
(B) કર્ણલોક
(C) દ્રૌપદી
(D) લવલી પાનહાઉસ

126. આ પૈકી કોણે લોકસાહિત્ય સંશોધન સંપાદનક્ષેત્રે કાર્ય નથી કર્યું?
(A) ઝવેરચંદ મેઘાણી (B) જોરાવર સિંહ જાદવ
(C) ભગવાનદાસ પટેલ (D) રમણ સોની

127. નીચેનામાંથી કયું કાવ્ય ખંડકાવ્ય નથી?
(A) આઠમું દિલ્હી (B) વસંત વિજય
(C) ગ્રામમાતા (D) ચક્રવાક મિથુન

128. 'મારું જીવન એજ મારી વાણી' - એ ગ્રંથના કર્તા કોણ છે?
(A) નારાયણ દેસાઇ (B) મહાદેવ દેસાઇ
(C) ગાંધીજી (D) જયપ્રકાશ નારાયણ

129. 'સાર્થ જોડણીકોશ'ના પ્રકાશક કોણ છે?
(A) ગુજરાત સાહિત્ય અકાદમી (B) ગુજરાત માહિતી આયોગ
(C) ગુજરાત વિદ્યાપીઠ (D) નવજીવન પ્રકાશન

130. 'બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી' આ પંક્તિનો છંદ ઓળખો.
(A) પૃથ્વી (B) મંદાક્રાન્તા
(C) હરિણી (D) શિખરિણી

131. 'પ્રાચીનતાનાં મોતી વર્ષતો છેલ્લો રસમેઘ તે દયારામ' - આ વિધાન કોનું છે?
(A) નરસિંહરાવ દિવેટીયા (B) કવિ ન્હાનાલાલ
(C) ગો. મા. ત્રિપાઠી (D) કનૈયાલાલ મુનશી

132. કવિ દલપતરામને 'કવીશ્વર'નું બિરૂદ કોણે આપેલું?
(A) કવિ ન્હાનાલાલે (B) ગાંધીજીએ
(C) કિનલોક ફોર્બ્સ (D) કાકાસાહેબ કાલેલકરે

133. બે વાક્યોથી બનેલું કયું યુગ્મ સાચું નથી?

(A) બ.ક. ઠાકોર વિચારપ્રધાન કવિતાના હિમાયતી હતા એમણે સૉનેટ રચનાઓ કરી હતી.

(B) 'સુન્દરમ્' ગાંધીયુગના કવિ હતા એમણે ગરીબોનાં ગીતો લખેલાં.

(C) નર્મદને 'અર્વાચીનોમાં આદ્ય' કહેવામાં આવે છે. ગુજરાતી ટૂંકીવાર્તાનો પ્રારંભ તેમનાથી થયો.

(D) ઉમાશંકર જોશી સંસ્કૃતિપુરુષ તરીકે જાણીતા છે તેમને જ્ઞાનપીઠ પુરસ્કાર મળેલો.

134. નીચેનામાંથી દયારામની રચેલી કૃતિ કઈ?

(A) પ્રબોધ-બત્રીસી

(B) મૃગલી સંવાદ

(C) રસિક વલ્લભ

(D) ઉધ્ધવગીતા

135. નીચેનામાંથી ક્યો કાવ્યસંગ્રહ સુન્દરમ્‌નો નથી?

(A) વસુધા

(B) કોયાભગતની કડવીવાણી અને ગરીબોનાં ગીતો

(C) યુગવંદના

(D) યાત્રા

136. પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદનું અધ્યક્ષસ્થાન કોણે સંભાળેલું?

(A) નર્મદ

(B) ગો. મા. ત્રિપાઠી

(C) ક. મા. મુનશી

(D) બ. ક. ઠાકોર

137. નીચેનામાંથી ન્હાનાલાલે ન લખ્યું હોય તેવું નાટક કયું છે?

(A) રોમન સ્વરાજ

(B) શાહનશાહ અકબરશાહ

(C) જયા જયન્ત

(D) ઈન્દુકુમાર

138. નીચેનામાંથી કયું જૂથ અસંગત છે?

(A) ક. મા. મુનશી - ઐતિહાસિક નવલકથાકાર, નાટકકાર, વાર્તાકાર

(B) ઉમાશંકર જોશી - કવિ, નાટકકાર, વિવેચક

(C) સુરેશ જોષી - કવિ, ચરિત્રકાર, અર્વાચીન યુગના પ્રણેતા

(D) સુમન શાહ - વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક

139. નીચેનામાંથી ક્યું વીગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) સરસ્વતીચંદ્ર, અમૃતા, મળેલા જીવ, પાટણની પ્રભુતા

(B) સરસ્વતીચંદ્ર, મળેલા જીવ, પાટણની પ્રભુતા, અમૃતા

(C) સરસ્વતીચંદ્ર, પાટણની પ્રભુતા, મળેલા જીવ, અમૃતા

(D) સરસ્વતીચંદ્ર, પાટણની પ્રભુતા, અમૃતા, મળેલા જીવ

140. ક. મા. મુનશીએ કંઈ સંસ્થાની સ્થાપના કરેલી?

(A) ગુજરાત વિદ્યાસભા
(B) આર્યસમાજ
(C) ગુજરાતી સાહિત્ય પરિષદ
(D) ભારતીય વિદ્યાભવન

141. પાને પાને પોઢી રાત
તળાવ જંપ્યું કહેતાં વાત - આ પંક્તિનો છંદ ઓળખાવો.

(A) દોહરો
(B) ચોપાઈ
(C) તોટક
(D) હરિગીત

142. 'કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો જગત કાજી બનીને તું વહોરી ના પીડા લે જે' - આ પંક્તિ કયા કવિની છે?

(A) રતિલાલ 'અનિલ'
(B) મરીઝ
(C) બાલાશંકર કંથારિયા
(D) અમૃત ઘાયલ

143. 'કવિતા, આત્માની માતૃભાષા, મૌનનો દેહ, આસવ અસ્તિત્વનો...' આ પંક્તિ કયા કવિની છે.

(A) ઉમાશંકર જોશી
(B) રાજેન્દ્ર શાહ
(C) નિરંજન ભગત
(D) જયંત પાઠક

144. નીચેનામાંથી કયો કાવ્યસંગ્રહ રમેશ પારેખનો નથી?

(A) ક્યાં?
(B) મીરાં સામે પાર
(C) વિતાન સુદ બીજ
(D) રાનેરી

145. નીચેનામાંથી કઈ કૃતિ મધુરાયની નવલકથા છે?

(A) કુમારની અગાશી
(B) બાંશી નામની એક છોકરી
(C) ચહેરા
(D) આપણે કલબમાં મળ્યા હતા.

**146.** અસ્તિત્વવાદી વિચારણા સાથે નીચેનામાંથી કોનું નામ સંકળાયેલું નથી.

(A) હેન્રી ઈબ્સન (B) કિર્કેગાર્દ

(C) સાર્ત્ર (D) આલ્બેર કામુ

**147.** 'હનુમાન લવકુશ મિલન' શું છે?

(A) મધ્યકાળની - એક પદ્યવાર્તા

(B) રામાયણ પર આધારિત નાકરનું આખ્યાન

(C) ભુપેશ અધ્વર્યુનો વાર્તાસંગ્રહ

(D) દયારામનું આખ્યાન

**148.** 'જિગર અને અમી' નવલકથાના લેખક કોણ છે?

(A) મોહનલાલ ચુનીલાલ ધામી (B) ચુનીલાલ વ. શાહ

(C) ચુનીલાલ મડિયા (D) ચુનીલાલ મહેતા

**149.** બન્ને યાદીની વિગતો સરખાવી જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| a) | જીવનનો આનંદ | 1) | ક. મા. મુનશી |
| b) | જીવનરંગ | 2) | કાકા કાલેલકર |
| c) | અનાગત | 3) | ધૂમકેતુ |
| d) | અડધે રસ્તે | 4) | હરીન્દ્ર દવે |

(A) A-1, B-2, C-3, D-4 (B) A-2, B-3, C-4, D-1

(C) A-2, B-3, C-1, D-4 (D) A-3, B-1, C-2, D-4

**150.** બન્ને યાદી સરખાવી જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| a) | ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ | 1) | પ્રબોધ પંડિત |
| b) | ગુજરાતી ભાષાનું બૃહદ વ્યાકરણ | 2) | જયંત કોઠારી |
| c) | ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન | 3) | હરિવલ્લભ ભાયાણી |
| d) | ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ | 4) | કમળાશંકર ત્રિવેદી |

(A) A-1, B-2, C-3, D-4 (B) A-3, B-4, C-1, D-2

(C) A-4, B-3, C-2, D-1 (D) A-1, B-4, C-3, D-2

**151.** બન્ને યાદીની વિગતો સરખાવીને જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a) સ્થૂલિભદ્ર ફાગુ | 1) વજ્રસેનસુરિ |
| b) નેમિનાથ ફાગુ | 2) શાલિભદ્રસૂરિ |
| c) ભરતેશ્વર બાહુબલિ રાસ | 3) રાજશેખરસૂરિ |
| d) ભરતેશ્વર બાહુબલિ ઘોર | 4) જિનપદ્મસૂરિ |

(A) A-1, B-3, C-2, D-4 (B) A-2, B-3, C-4, D-1

(C) A-4, B-3, C-2, D-1 (D) A-3, B-2, C-1, D-4

**152.** બન્ને યાદીની વિગતો સરખાવીને જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a) હમીર પ્રબંધ | 1) જયશેખરસૂરિ |
| b) વિમલપ્રબંધ | 2) અમૃતકલશ |
| c) ત્રિભુવનદીપક પ્રબંધ | 3) પદ્મનાભ |
| d) કાન્હડદે પ્રબંધ | 4) લાવણ્યસમય |

(A) A-2, B-3, C-4, D-1 (B) A-2, B-1, C-4, D-3

(C) A-3, B-4, C-1, D-2 (D) A-2, B-4, C-1, D-3

**153.** બન્ને યાદીની વિગતો સરખાવીને જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a) સિતાંશુ યશશ્ચંદ્ર | 1) લઘરો |
| b) લાભશંકર ઠાકર | 2) મગન |
| c) રમેશ પારેખ | 3) અડવો |
| d) હરિકૃષ્ણ પાઠક | 4) સોનલ |

(A) A-1, B-2, C-3, D-4 (B) A-2, B-3, C-1, D-4

(C) A-2, B-1, C-4, D-3 (D) A-3, B-2, C-4, D-1

**154.** બન્ને યાદીની વિગતો સરખાવીને જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a) અશ્વત્થ | 1) ઉશનસ્ |
| b) અશ્વમેધ | 2) નલિન રાવળ |
| c) અશ્વત્થામા | 3) ચિનુમોદી |
| d) અશ્વત્થામાની સ્વગતોક્તિ | 4) મધુ રાય |

(A) A-2, B-3, C-4, D-1 (B) A-3, B-4, C-1, D-2

(C) A-1, B-2, C-4, D-3 (D) A-1, B-3, C-4, D-2

155. બન્નેની વિગતો સરખાવી જોડકાં જોડો.

| | I | | II |
|---|---|---|---|
| a) | આત્મનિમજ્જન | 1) | ઉમાશંકર જોશી |
| b) | આત્માનાં ખંડેર | 2) | મણિલાલ દ્વિવેદી |
| c) | આત્મકથાના ટુકડા | 3) | ઈન્દુલાલ યાજ્ઞિક |
| d) | આત્મકથા | 4) | ફાધર વાલેસ |

(A) A-1, B-2, C-3, D-4
(B) A-3, B-4, C-2, D-1
(C) A-2, B-1, C-4, D-3
(D) A-4, B-2, C-1, D-3

156. 'ગુજરાત સાહિત્યસભા' ના સંસ્થાપકનું નામ જણાવો.
(A) નર્મદ
(B) ગો. મા. ત્રિપાઠી
(C) રણજિતરામ મહેતા
(D) મનસુખલાલ ઝવેરી

157. નીચેનામાંથી કઈ વાર્તા ધૂમકેતુએ લખેલી નથી?
(A) ભૈયાદાદા
(B) મદભર નેનાં
(C) પોસ્ટ ઓફિસ
(D) શરણાઈના સૂર

158. 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' કઈ સંસ્થા દ્વારા એનાયત થાય છે?
(A) ગુજરાત સાહિત્યસભા
(B) ભારતીય વિદ્યાભવન
(C) ગુજરાતી સાહિત્ય પરિષદ
(D) ગુજરાત સાહિત્ય અકાદમી

159. ક. મા. મુનશીની પહેલી નવલકથા 'વેરની વસૂલાત' લેખકના કયા નામથી પ્રગટ થયેલી?
(A) કનૈયાલાલ મુનશી
(B) ક. મા. મુનશી
(C) ઘનશ્યામ વ્યાસ
(D) કૌટિલ્ય

160. નીચેનામાંથી કવિતાનો ન હોય તેવો સુન્દરમ્‌નો ગ્રંથ જણાવો.
(A) યાત્રા
(B) મુદિતા
(C) અર્વાચીન કવિતા
(D) વસુધા

161. 'અગિયાર દરિયા' નામનો કાવ્યસંગ્રહ કોનો છે?
(A) મનોજ ખંડેરિયા
(B) મનહર મોદી
(C) રાજેન્દ્ર શુક્લ
(D) માધવ રામાનુજ

162. નીચેનામાંથી કયો વિવેચનગ્રંથ ચન્દ્રકાન્ત ટોપીવાલાનો છે?
(A) સાહિત્યમાં આધુનિકતા
(B) નવ્યવિવેચન પછી
(C) સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન
(D) વિવેચનનું વિવેચન

163. રસનિષ્પતિની પ્રક્રિયા સમજાવતા ચાર મતમાંથી કયો મત સર્વસ્વીકૃત ગણાયો છે?
(A) અભિવ્યંજનાવાદ
(B) ઉત્પતિવાદ
(C) ભુક્તિવાદ
(D) અનુમિત્તિવાદ

164. કાવ્યવિચારણા કરતા ચિંતક પ્લેટોના ગ્રંથનું નામ જણાવો.
(A) ધ સબ્લાઈમ
(B) પોએટિક્સ
(C) ઈથીક્સ
(D) રિપબ્લિક

165. ઈંગ્લેન્ડના કવિ એઝરા પાઉન્ડની કવિતાની મુખ્યધારા કઈ ગણાય છે?
(A) કલ્પનવાદી
(B) પ્રતીકવાદી
(C) વાસ્તવવાદી
(D) અસ્તિત્વવાદી

166. આનંદશંકર ધ્રુવના ક્યા નિબંધસંગ્રહમાં હિંદુધર્મના સિદ્ધાંતો અને તત્વદર્શનની વિચારણા કરવામાં આવી છે?
(A) કાવ્યતત્વ વિચાર
(B) સાહિત્યવિચાર
(C) આપણો ધર્મ
(D) દિગ્દર્શન

167. 'અપભ્રંશેન તુષ્યન્તિ સ્વેન નાનયેનઃ ગુર્જરાઃ' જૂની ગુજરાતીનું પ્રમાણ આપતું આ વિધાન નીચેનામાંથી કયા ગ્રંથમાં મળે છે?
(A) રેવંતગિરિરાસુ
(B) સિધ્ધહૈમશબ્દાનુસાશન
(C) દશમસ્કંધ
(D) સરસ્વતી કંઠાભરણમ્

168. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?
(A) વૈદિક સંસ્કૃત-શિષ્ટ સંસ્કૃત-પ્રાકૃત/અપભ્રંશ-ગુજરાતી
(B) શિષ્ટસંસ્કૃત-વૈદિકસંસ્કૃત-પ્રાકૃત/અપભ્રંશ-ગુજરાતી
(C) પ્રાકૃત/અપભ્રંશ-વૈદિક સંસ્કૃત-શિષ્ટ સંસ્કૃત-ગુજરાતી
(D) શિષ્ટ સંસ્કૃત-પ્રાકૃત/અપભ્રંશ-વૈદિક સંસ્કૃત-ગુજરાતી

169. ધ્વનિસ્વરૂપ શાસ્ત્રની દૃષ્ટિએ 'થ્' નું વર્ણન કરનારું કયું જૂથ સાચું છે?
(A) દંત્ય મહાપ્રાણ અઘોષ સ્પર્શવ્યંજન (B) દંત્ય મહાપ્રાણ ઘોષ સ્પર્શવ્યંજન
(C) દંત્ય અલ્પપ્રાણ અઘોષ સ્પર્શવ્યંજન (D) દંત્ય મહાપ્રાણ ઘોષ વ્યંજન

170. નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.
(A) પ્રમાણિક (B) પ્રામાણિક
(C) પ્રમાણીક (D) પ્રામાણીક

171. નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ કયો?
(A) કિર્તિ (B) કીર્તિ
(C) કીર્તી (D) કિર્તી

172. નીચેનામાંથી કયા શબ્દમાં પૂર્વપ્રત્યય લાગેલો છે?
(A) જમીનદાર (B) હિંસક
(C) ભજન (D) કટેવ

173. 'અમે તો આ ચલાવી જ ન લઈએ!' - વાક્યમાં સર્વનામ પદ કયું છે?
(A) તો (B) અમે
(C) ચલાવી (D) લઈએ

174. 'ખાડો ખોદનાર પડે' માં 'ખોદનાર' કયા પ્રકારનું વિશેષણ છે?
(A) કર્તૃવાચક વિશેષણ (B) પરિણામવાચક વિશેષણ
(C) રંગવાચક વિશેષણ (D) ગુણવાચક વિશેષણ

175. નીચેનામાંથી કઈ સંજ્ઞા કશું લિંગચિહ્ન (પ્રત્યય) લેતી નથી?
(A) ગોળી (B) હાથ
(C) છોકરો (D) પગલી

176. નીચેનામાંથી અસંગત વિધાન જણાવો.
(A) માછલું તરે છે-માછલાં તરે છે. (B) લાકડું લીલું છે-લાકડાં લીલાં છે.
(C) બારી બંધ છે-બારીઓ બંધ છે. (D) એક લાડવો ખાધો-બે લાડવાઓ ખાધા

177. નીચેનામાંથી અનુગવાળી વાક્યરચના કઈ છે?

(A) ઝાડ પરથી પક્ષીઓ ઊડી ગયાં.

(B) હું ખુશીથી આવીશ.

(C) મહેતાજી પાસે તો ફૂટી બદામ પણ નથી.

(D) મારી પાસે પેન છે.

178. નીચેનામાંથી નામયોગીવાળી વાક્યરચના જણાવો.

(A) અહીં કોઈએ ગંદકી કરવી નહીં.

(B) આપણે મહિનામાં ચાર વાર મળવું

(C) આપણે તો બાપુ કહે તેમ કરવાનું

(D) ગંદકી પર માખીઓ જ બેસે ને!

179. નીચેના વાક્યમાં સહાયકારક ક્રિયાપદ કયુ?

આજે સવારે એ મારે ત્યાં જ આવ્યો હતો.

(A) આજે

(B) સવારે

(C) આવ્યો

(D) હતો

180. નીચે આપેલાં વાક્યોમાંથી નિપાતવાળું વાક્ય દર્શાવો.

(A) વરસતે વરસાદે કોણ ફરવા નીકળે?

(B) વરસતે વરસાદે જ અમે ફરવા નીકળ્યાં.

(C) વરસતે વરસાદે અમે ફરવા નીકળ્યાં.

(D) વરસતે વરસાદે અમે ફરવા નીકળ્યાં નહિ.

181. બન્ને યાદીની વિગતો સરખાવીને જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a) આપણો ધર્મ | 1) કે. કા. શાસ્ત્રી |
| b) આપણો ઘડીક સંગ | 2) મનુભાઈ પંચોળી |
| c) આપણા કવિઓ | 3) આનંદશંકર ધ્રુવ |
| d) આપણો વારસો અને વૈભવ | 4) દિગીશ મહેતા |

(A) A-3, B-4, C-1, D-2

(B) A-2, B-4, C-1, D-3

(C) A-4, B-2, C-1, D-3

(D) A-2, B-3, C-4, D-1

**182.** જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| a) | ભગવાનદાસ પટેલ | 1) | રઢિયાળી રાત |
| b) | ડાહ્યાભાઈ વાઢુ | 2) | કુંકણા કથાઓ |
| c) | જયાનંદ જોશી | 3) | ભીલોનું ભારથ |
| d) | ઝવેરચંદ મેઘાણી | 4) | રાજના આદિવાસી છેલિયા |

(A) A-1, B-3, C-4, D-2 (B) A-4, B-2, C-3, D-1

(C) A-3, B-2, C-4, D-1 (D) A-2, B-4, C-1, D-3

**183.** કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો.

I - ભદ્રંભદ્ર

II - અમે બધાં

III - ગગનનાં લગન

IV - સધરા જેસંગનો સાળો

(A) I, II, III, IV (B) I, II, IV, III

(C) II, I, III, IV (D) I, III, IV, II

**184.** કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો.

1 - પૂર્વરાગ

2 - વેણુવત્સલા

3 - મનોરથ

4 - અમૃતા

(A) 1, 4, 2, 3 (B) 1, 2, 4, 3

(C) 4, 1, 2, 3 (D) 1, 3, 2, 4

**185.** કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો.

i - માનવીની ભવાઈ

ii - મળેલા જીવ

iii - વળામણાં

iv - મનખાવતાર

(A) i, iii, ii, iv (B) ii, i, iii, iv

(C) iii, ii, i, iv (D) ii, iii, iv, i

**186.** કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો.

(I) - ગંગોત્રી

(II) - વસંત વર્ષા

(III) - ધારાવસ્ત્ર

(IV) - નિશીથ

(A) (II), (I), (III), (IV)　　(B) (I), (II), (IV), (III)

(C) (IV), (I), (II), (III)　　(D) (I), (IV), (II), (III)

**187.** કાળક્રમ પ્રમાણે ગોઠવો.

(i) - કિંચિત્

(ii) - કથોપકથન

(iii) - ગૃહપ્રવેશ

(iv) - કાવ્યચર્ચા

(A) (iii), (iv), (ii), (i)　　(B) (iii), (i), (ii), (iv)

(C) (i), (ii), (iii), (iv)　　(D) (ii), (i), (iii), (iv)

**188.** કાળક્રમ પ્રમાણે ગોઠવો.

(I) - ભદ્રંભદ્ર

(II) - હાસ્યમંદિર

(III) - રાઈનો પર્વત

(IV) - 'કવિતા અને સાહિત્ય' - 1

(A) (I), (II), (III), (IV)　　(B) (I), (III), (IV), (II)

(C) (I), (IV), (III), (II)　　(D) (I), (III), (II), (IV)

**189.** કાળક્રમ પ્રમાણે ગોઠવો.

(I) - ધ્વનિ

(II) - શાંત કોલાહલ

(III) - ચિત્રણા

(IV) - મધ્યમા

(A) (II), (I), (III), (IV)　　(B) (I), (III), (II), (IV)

(C) (I), (II), (III), (IV)　　(D) (I), (III), (IV), (II)

**190.** કાળક્રમ પ્રમાણે ગોઠવો.

(I) – નવલરામ

(II) – સુરેશ જોશી

(III) – રા. વિ. પાઠક

(IV) – શિરીષ પંચાલ

(A) (I), (III), (II), (IV)
(B) (I), (II), (III), (IV)
(C) (I), (III), (IV), (II)
(D) (I), (II), (IV), (III)

**191.** કાળાનુક્રમે સંજ્ઞાઓ ગોઠવો.

(i) – જોસ્સો

(ii) – ચિત્તઃક્ષોભ

(iii) – રૂપનિર્મિત્તિ

(iv) – વિચારપ્રધાન કવિતા

(A) (i), (iv), (ii), (iii)
(B) (i), (ii), (iii), (iv)
(C) (ii), (i), (iii), (iv)
(D) (i), (ii), (iv), (iii)

**192.** કાળાનુક્રમે ગોઠવો.

(I) – અસ્તિત્વવાદ

(II) – દાદાવાદ

(III) – ઍબ્સર્ડ

(IV) – અતિવાસ્તવવાદ

(A) (I), (II), (III), (IV)
(B) (I), (IV), (III), (II)
(C) (II), (IV), (I), (III)
(D) (IV), (III), (II), (I)

**193.** કાળાનુક્રમે ગોઠવો.

(I) – સત્યના પ્રયોગો

(II) – હિંદ સ્વરાજ

(III) – મારા જેલના અનુભવો

(IV) – અનાસક્તિ યોગ

(A) (I), (II), (III), (IV)
(B) (II), (I), (III), (IV)
(C) (II), (III), (I), (IV)
(D) (IV), (I), (II), (III)

**194.** યોગ્ય વિકલ્પ પસંદ કરો.
'વાડામાં લીલા' પ્રકરણ
(A) લીલુડી ધરતી
(B) સરસ્વતીચંદ્ર
(C) ગ્રામલક્ષ્મી
(D) માનવીની ભવાઈ

**195.** યોગ્ય વિકલ્પ પસંદ કરો.
'પ્રથમ સંગાથ' પ્રકરણ
(A) 'અમૃતા'
(B) 'ઝેર તો પીધાં છે જાણી જાણી'
(C) 'મળેલા જીવ'
(D) સરસ્વતીચંદ્ર

**196.** 'ગામીત દંતકથાઓ' પુસ્તકના લેખક કોણ છે?
(A) દક્ષા વ્યાસ
(B) ડાહ્યાભાઈ વાઢુ
(C) ફાધર રેમન્ડ એ. ચૌહાણ
(D) બુધિયાભાઈ ગામીત

**197.** આમાંથી કયાં સર્જકે આત્મકથા નથી લખી?
(A) હિમાંશી શૈલત
(B) ઈન્દુલાલ યાજ્ઞિક
(C) ભગવતીકુમાર શર્મા
(D) રઘુવીર ચૌધરી

**198.** નીચેનામાંથી કઈ વાર્તા જયંત ખત્રીની નથી?
(A) ખલાસ
(B) ધાડ
(C) ફટકો
(D) ખરા બપોર

**199.** 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' એ શું છે?
(A) કિશોરજાદવનું ઈતિહાસનું પુસ્તક
(B) કિશોર જાદવની નવલકથા
(C) કિશોર જાદવની આત્મકથા
(D) કિશોર જાદવનો વાર્તાસંગ્રહ

**200.** 'જીવણલાલ કથામાળા' કોની નવલકથા છે?
(A) ચંદ્રકાંત બક્ષી
(B) વીનેશ અંતાણી
(C) મધુ રાય
(D) દશરથ પરમાર

**201.** નીચેનામાંથી કયુ પુસ્તક દલપત ચૌહાણનું નથી?
(A) ગીધ
(B) મલક
(C) ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ
(D) કુંભી

**202.** નીચેનામાંથી અયોગ્ય ઉપનામ કયું છે?
(A) બ. ક. ઠાકોર - સેહેની
(B) મનહર મોદી - ઈર્શાદ
(C) કિશનસિંહ ચાવડા - જિપ્સી
(D) મનુભાઈ ત્રિવેદી - સરોદ

203. નીચેનામાંથી પદક્રમની દૃષ્ટિએ કયું વાક્ય સૌથી વધારે યોગ્ય ગણાય?
(A) પોતાનું કર્યું માણસે પોતે ભોગવવાનું છે.
(B) પોતાનું કર્યું પોતે ભોગવવાનું છે માણસે.
(C) પોતે પોતાનું કર્યું માણસે ભોગવવાનું છે.
(D) માણસે પોતાનું કર્યું પોતે ભોગવવાનું છે.

204. નીચેના વિધાનમાં કયા પદ પછી અલ્પવિરામનું ચિહ્ન મૂકાશે?
ભમ્યો યાત્રા ધામો અડસઠ જલે સ્નાન કરિયાં.
(A) ભમ્યો
(B) યાત્રાધામો
(C) જલે
(D) સ્નાન

205. નીચેનામાંથી ક્રિયાપદ વગરની વાક્ય રચના જણાવો.
(A) એક દિવસની વાત છે.
(B) કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી
(C) એમણે તમને વાત કરી હતી?
(D) કોઈનું બુરું ઈચ્છવું હિંસા છે.

206. શબ્દમાં અંતે આવતા 'આઈ' અને 'આઉ' અનુક્રમે 'અઈ' અને 'અઉ' એવું ઉચ્ચારણ કઈ ગુજરાતી બોલીની લાક્ષણિકતા છે?
(A) પટ્ટણી
(B) સોરઠી
(C) ડાંગી બોલી
(D) સુરતી

207. 'મારાથી બે લાડુ ખવાઈ ગયા' એ કયા પ્રકારની વાક્યરચના કહેવાશે?
(A) કર્તરિ
(B) કર્મણિ
(C) સંયુક્ત
(D) મિશ્ર

208. આ પૈકી અક્ષરમેળ છંદને ઓળખી બતાવો.
(A) હરિગીત
(B) ઝૂલણા
(C) વસંતતિલકા
(D) દોહરો

209. નીચેનામાંથી માત્રામેળ છંદને ઓળખો.
(A) સ્ત્રગ્ધરા
(B) સવૈયા
(C) શિખરિણી
(D) મંદાક્રાન્તા

210. નીચેનામાંથી કયા છંદમાં ૨૧ અક્ષર હોય છે.
(A) મંદાક્રાન્તા
(B) સ્ત્રગ્ધરા
(C) ઈન્દ્રવજ્રા
(D) હરિણી

211. 'પહાડથી વધુ લાગી રહ્યો'તો ભાર પીંછાનો' પંક્તિમાં કયો અલંકાર છે?
(A) સજીવારોપણ (B) શ્લેષ
(C) અતિશયોક્તિ (D) ઉત્પ્રેક્ષા

212. નીચેનામાંથી પૃથ્વી છંદનું બંધારણ કયુ?
(A) જ, સ, જ, સ, ય, લ, ગા (B) મ, ભ, ન, ત, ત, ગા, ગા
(C) મ, સ, જ, સ, ત, ત, ગા (D) ય, મ, ન, સ, ભ, લ, ગા

213. ત્રિકાલનું જ્ઞાન હતું કુમારને
કહી શકે કાલ કશું થનારને-
પંક્તિઓમાં કયો છંદ છે?
(A) ઈન્દ્રવજ્રા (B) વંશસ્થ
(C) અનુષ્ટુપ (D) હરિગીત

214. 'વેલ જાણે હેમની અવેવ ફૂલે ફૂલી' પંક્તિમાં કયો અલંકાર છે?
(A) રૂપક (B) ઉપમા
(C) ઉત્પ્રેક્ષા (D) અનન્વય

215. 'પોષે છે જે પ્રણયી પરના પ્રાણ પીયૂષ આપી' પંક્તિમાં કયો અલંકાર છે?
(A) ઉપમા (B) વર્ણાનુપ્રાસ
(C) શબ્દાનુપ્રાસ (D) અંત્યાનુપ્રાસ

216. જોડકાં જોડો

| I | II |
|---|---|
| a) સંસ્કાર | 1) ગિરીશ કર્નાડ |
| b) હયવદન | 2) વિભુતિભૂષણ |
| c) આરણ્યક | 3) અનન્તમૂર્તિ |
| d) યયાતિ | 4) વિ. સ. ખાંડેકર |

(A) A-1, B-2, C-3, D-4 (B) A-3, B-1, C-2, D-4
(C) A-2, B-1, C-3, D-4 (D) A-4, B-1, C-2, D-3

217. 'ધ ફ્લાઈઝ' ના સર્જક કોણ છે?
(A) રિલ્કે (B) સાર્ત્ર
(C) કામૂ (D) કાફકા

218. ‘ડિકન્સ્ટ્રક્શન’ સાથે આમાંથી કયા વિવેચકનું નામ જોડાયેલું છે?
(A) ટી. એસ. એલિયટ
(B) મેથ્યુ આર્નોલ્ડ
(C) દેરીદા
(D) સાર્ત્ર

219. નીચેનામાંથી કયું દૃષ્ટાંત કર્મધારય સમાસનું છે?
(A) ગળાડૂબ
(B) દેહલતા
(C) પંચામૃત
(D) વટેમાર્ગુ

220. ‘કલ્પવૃક્ષ’ કયા પ્રકારનો સમાસ છે?
(A) મધ્યમપદલોપી
(B) બહુવ્રીહી
(C) દ્વિગુ
(D) દ્વન્દ્વ

221. ‘ઈત્યાદિ’ શબ્દની સંધિ છોડો.
(A) ઈતિ + આદિ
(B) ઈતી + આદિ
(C) ઈતિ + આદી
(D) ઈતી + આદી

222. નીચેનામાંથી કયો વિવેચનગ્રંથ સુરેશ જોષીએ લખેલો નથી.
(A) અરણ્યરુદન
(B) ચિન્તયા મિમનસા
(C) સુરેશ જોષીથી સુરેશ જોષી
(D) અષ્ટામોડધ્યાય

223. આમાંથી કઈ સંજ્ઞા શબ્દશક્તિ માટે અસંગત છે?
(A) અભિધા
(B) લક્ષણા
(C) વક્તા
(D) વ્યંજના

224. નીચેનામાંથી કવિ કાલિદાસ રચિત મહાકાવ્ય કયુ?
(A) કિરાતાર્જુનિયમ્
(B) રઘુવંશ
(C) નૈષધચરિત્
(D) શિશુપાલવધ

225. કાવ્યમાં ઉદાત્તતત્વનો મહિમા કયા પાશ્ચાત્ય મીમાંસકે કર્યો?
(A) આઈ. એ. રિચાર્ડ્ઝ
(B) લોન્જાઈનસ
(C) ક્રોચે
(D) એલિયટ

226. ભાષાના ઘટક એકમોમાં નાનામાં નાનો અર્થપૂર્ણ એકમ કયો?
(A) ધ્વનિઘટક
(B) રૂપઘટક
(C) વાક્યાંશ
(D) વાક્ય

227. નીચેનામાંથી ઓષ્ઠ્ય-સ્પર્શવ્યંજન ન હોય તેવો ધ્વનિઘટક કયો?
(A) બ (B) ફ
(C) ત (D) પ

228. ડો. પ્રબોધ પંડિતે ગુજરાતી ભાષાના સ્વરોની ચર્ચા કરતાં કેટલા માન્યસ્વર ગણાવ્યા છે?
(A) 8 (B) 12
(C) 13 (D) 10

229. 'ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન' ગ્રન્થના લેખક કોણ છે?
(A) પ્રબોધ પંડિત (B) જયંત કોઠારી
(C) હરિવલ્લભ ભાયાણી (D) કે. કા. શાસ્ત્રી

230. 'લોકકથાના મૂળ અને કુળ' - પુસ્તકના લેખક કોણ છે?
(A) ઝવેરચંદ મેઘાણી (B) ભગવાનદાસ પટેલ
(C) ખોડીદાસ પરમાર (D) હરિવલ્લભ ભાયાણી

231. આ પૈકી કયા નવકથાકાર બંગાળી ભાષાના નથી?
(A) વિભૂતિભૂષણ બંદોપાધ્યાય (B) સુનિલ ગંગોપાધ્યાય
(C) યુ. આર. અનન્તમૂર્તિ (D) મહાશ્વેતાદેવી

232. 'હયવહન' કૃતિ કયા સાહિત્યસ્વરૂપની છે?
(A) નવલકથા (B) કવિતા
(C) નાટક (D) નિબંધ

233. લક્ષણાશક્તિના કુલ કેટલાં પ્રકાર છે?
(A) ત્રણ (B) ચાર
(C) છ (D) આઠ

234. 'બાલદી', 'પીપ', 'આફૂસ' - એ કઈ ભાષામાંથી ગુજરાતી ભાષામાં આવ્યા છે?
(A) અંગ્રેજી (B) ફ્રેન્ચ
(C) પોર્ચુગીઝ (D) પારસી

235. 'કાનૂન', 'દસ્તાવેજ', 'જલસો' - એ કઈ ભાષામાંથી ગુજરાતી ભાષામાં ઊતરી આવ્યા છે?
(A) હિન્દી (B) ઉર્દૂ
(C) પારસી (D) ફારસી

236. 'ચળવળ', 'અટકળ', 'ફુટકળ' – એ કઇ ભાષામાંથી ગુજરાતી ભાષામાં ઊતરી આવેલા શબ્દો છે?

(A) હિન્દી
(B) સિંધી
(C) પંજાબી
(D) મરાઠી

237. આ પૈકી કયું અવયવ ઉચ્ચારણ પ્રક્રિયામાં ભાગ લેતું નથી?

(A) શ્વાસનળી
(B) સ્વરતંત્રીઓ
(C) હોઠ
(D) પેટ

238. સર્વથા અસંગત જૂથ જણાવો.

(A) આત્મકથા : મારી હકીકત, સત્યના પ્રયોગો
(B) કાવ્ય : બારી બહાર, છંદોલય
(C) નવલકથા : દીપનિર્વાણ, સાપના ભારા
(D) નિબંધ : શેરી, ભૂંસાતા ગ્રામચિત્રો

239. સર્વથા અસંગત જૂથ જણાવો.

(A) સુરેશ જોશી : ગૃહપ્રવેશ, મરણોત્તર
(B) ઉમાશંકર જોષી : પંખી લોક, યાત્રા
(C) જયંત ખત્રી : ખરા બપોર, ફોરાં
(D) મધુ રાય : કાન, ધારો કે

240. સર્વથા અસંગત જૂથ જણાવો.

(A) સુધારક યુગ – નર્મદ, ન્હાનાલાલ
(B) પંડિત યુગ – કાન્ત, કલાપી
(C) ગાંધી યુગ – ઉમાશંકર, સુન્દરમ્
(D) આધુનિક યુગ – સુરેશ જોશી, કિશોર જાદવ

241. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) સુધારક યુગ – નવલકથા, નાટક, આત્મકથા
(B) પંડિત યુગ – ખંડકાવ્ય, સોનેટ, પદ
(C) ગાંધી યુગ – આત્મકથા, નવલિકા, છાપા
(D) આધુનિક યુગ – પદ્યનાટક, આખ્યાન, ગરબા

242. સર્વથા અસંગત જૂથ જણાવો.

(A) મળેલા જીવ : કાનજી, જીવી, ભગત
(B) ઝેર તો પીધાં છે : ગોપાળબાપા, મીરાં, હેમંત
(C) અમૃતા : અમૃતા, ઉદયન, અનિકેત
(D) છિન્નપત્ર – અજય, માલા, લીલા

**243.** જોડકાં જોડો

| I | | II | |
|---|---|---|---|
| a) | ધૂમકેતુ | 1) | મા |
| b) | દ્વિરેફ | 2) | વહુ અને ઘોડો |
| c) | મેઘાણી | 3) | સ્ત્રીહૃદય |
| d) | પન્નાલાલ પટેલ | 4) | બુદ્ધિ વિજય |

(A) A-3, B-4, C-2, D-1 (B) A-1, B-2, C-3, D-4
(C) A-4, B-3, C-2, D-1 (D) A-2, B-3, C-1, D-4

**244.** કાલાનુક્રમે ગોઠવો.
(A) હોમર, દાન્તે, શેક્સપિયર, ઈબ્સન (B) હોમર, શેક્સપિયર, દાન્તે, ઈબ્સન
(C) દાન્તે, હોમર, શેક્સપિયર, ઈબ્સન (D) હોમર, દાન્તે, ઈબ્સન, શેક્સપિયર

**245.** કાલાનુક્રમે ગોઠવો.
(A) દયારામ, અખો, પ્રેમાનંદ, નરસિંહ (B) નરસિંહ, અખો, પ્રેમાનંદ, દયારામ
(C) પ્રેમાનંદ, દયારામ, નરસિંહ, અખો (D) અખો, દયારામ, પ્રેમાનંદ, નરસિંહ

**246.** પ્રકાશન વર્ષના ક્રમમાં આપેલી કૃતિઓ ગોઠવો.
કરણઘેલો, બાપાની પીંપર,
ભૂતનિબંધ, લલિતા દુઃખદર્શક
(A) ભૂતનિબંધ, લલિતા દુઃખદર્શક, બાપાની પીંપર, કરણઘેલો
(B) બાપાની પીંપર, ભૂત નિબંધ, કરણઘેલો, લલિતા દુઃખદર્શક
(C) લલિતા દુઃખદર્શક, ભૂતનિબંધ, બાપાની પીંપર, કરણઘેલો
(D) કરણઘેલો, બાપાની પીંપર, ભૂતનિબંધ, લલિતા દુઃખદર્શક

**247.** 'ઓડિસ્યૂસનું હલેસું' કયા સ્વરુપની કૃતિ છે?
(A) નાટક (B) નવલકથા
(C) ટૂંકી વાર્તા (D) કવિતા

**248.** 'વિદ્યાવિલાસપવાડુ' ની રચના કોણે કરી છે?
(A) હિરાણંદસુરિ (B) વિનયસુરિ
(C) વ્રજસેનસુરિ (D) વિમલસુરિ

**249.** કાલાનુક્રમે ગોઠવો.
(A) ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ, માદામ બોવારી, ઓથેલો, થ્રી સિસ્ટર્સ
(B) માદામ બોવારા ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ, થ્રીસિસ્ટર્સ, ઑથેલો
(C) ઑથેલો, ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ, માદામ બોવારી, થ્રી સિસ્ટર્સ
(D) ઑથેલો, માદામ બોવારી, ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ, થ્રી સિસ્ટર્સ

250. કાલાનુક્રમે ગોઠવો.

(A) ક્યાં, ખડિંગ, વિતાનસુદબીજ, ખમ્મા આલા બાપુને
(B) ક્યાં, ખડિંગ, ખમ્મા આલા બાપુને, વિતાન સુદ બીજ
(C) ખડિંગ, ક્યાં, વિત્તાન સુદ બીજ, ખમ્મા આલા બાપુને
(D) ક્યાં, વિત્તા નુસુદ બીજ, ખડિંગ, ખમ્મા આલા બાપુને

251. કાલાનુક્રમે ગોઠવો.

(A) બારીબહાર, છંદોલય, ધ્વનિ, નિશીથ
(B) બારીબહાર, છંદોલય, નિશીય, ધ્વનિ
(C) નિશીથ, બારીબહાર, છંદોલય, ધ્વનિ
(D) નિશીથ, છંદોલય, બારીબહાર, ધ્વનિ

252. કાલાનુક્રમે ગોઠવો.

(A) પ્રત્યક્ષ, સંસ્કૃતિ, એતદ્, સમીપે
(B) એતદ્, સમીપે, પ્રત્યક્ષ, સંસ્કૃતિ
(C) સંસ્કૃતિ, સમીપે, એતદ્, પ્રત્યક્ષ
(D) સંસ્કૃતિ, એતદ્, પ્રત્યક્ષ, સમીપે

253. કાલાનુક્રમે ગોઠવો.

(i) નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીત
(ii) રઢિયાળી રાત
(iii) ભવાઈના વેશની વાર્તાઓ
(iv) પ્રભાતિયાં અને ધોળ

(A) (i), (ii), (iii), (iv)
(B) (ii), (iii), (i), (iv)
(C) (i), (ii), (iv), (iii)
(D) (iv), (i), (ii), (iii)

254. કાલાનુક્રમે ગોઠવો.

(i) પ્રતિભાષાનું કવચ
(ii) અપરિચિત અ અપરિચિત બ
(iii) સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન
(iv) અછાંદસ મીમાંસા

(A) (i), (ii), (iv), (iii)
(B) (iv), (i), (ii), (iii)
(C) (ii), (i), (iii), (iv)
(D) (i), (iii), (iv), (ii)

255. કાલાનુક્રમે ગોઠવો.

(i) જય સોમનાથ
(ii) દીપનિર્વાણ
(iii) કુમકુમ અને આશકા
(iv) સોમતીર્થ

(A) (i), (iii), (ii), (iv)
(B) (i), (ii), (iii), (iv)
(C) (ii), (i), (iii), (iv)
(D) (iii), (ii), (i), (iv)

**256.** કાલાનુક્રમે ગોઠવો.

(A) બંધન અને મુક્તિ, બંદીઘર, દીપનિર્વાણ સોક્રેટીસ

(B) બંદીઘર, બંધન અને મુક્તિ, દીપનિર્વાણ, સોક્રેટીસ

(C) બંદીઘર, દીપનિર્વાણ, બંધન અને મુક્તિ, સોક્રેટીસ

(D) બંધન અને મુક્તિ, દીપ નિર્વાણ, બંદીઘર સોક્રેટીસ

**257.** કાલાનુક્રમે ગોઠવો.

(i) મારી હકીકત

(ii) સત્યના પ્રયોગો

(iii) અડધે રસ્તે

(iv) મુક્તિ વૃત્તાંત

(A) (ii), (i), (iii), (iv)　　(B) (i), (iii), (iv), (ii)

(C) (i), (ii), (iii), (iv)　　(D) (ii), (i), (iv), (iii)

**258.** કાલાનુક્રમે ગોઠવો.

(i) લોન્જાઈનસ

(ii) એલિયટ

(iii) કૉલરીજ

(iv) વર્ડ્સ્ વર્થ

(A) (i), (ii), (iii), (iv)　　(B) (ii), (iii), (iv), (i)

(C) (i), (iv), (iii), (ii)　　(D) (iii), (ii), (iv), (i)

**259.** નીચેના વાદને કાલાનુક્રમે ગોઠવો.

(i) સંરચનાવાદ

(ii) આધુનિકતાવાદ

(iii) રંગદર્શિતાવાદ

(iv) પ્રશિસ્તતાવાદ

(A) (i), (ii), (iii), (iv)　　(B) (iv), (iii), (ii), (i)

(C) (ii), (iii), (iv), (i)　　(D) (iii), (ii), (i), (iv)

**260.** કાલાનુક્રમે ગોઠવો.

(i) મેટામોર્ફોસિસ

(ii) ધ આઉટસાઈડર

(iii) યુલિસિસ

(iv) ધ ઓલ્ડ મેન ઍન્ડ ધ સી

(A) (i), (iii), (ii), (iv)　　(B) (iii), (iv), (ii), (i)

(C) (iii), (i), (iv), (ii)　　(D) (i), (ii), (iv), (iii)

261. સર્વથા સુસંગત જૂથ જણાવો.
(A) હિમાંશી શેલતઃ આઠમોરંગ, શબવત્, સાંજનો સમય
(B) બિન્દુ ભટ્ટઃ અખેપાતર, બાંધણી, મીરાં યાજ્ઞિકની ડાયરી
(C) સરોજ પાઠકઃ નાઈટમેર, ટાઈમ બોમ્બ, ગર્ભગાથા
(D) વર્ષા અડાલજાઃ વાડ, મારે પણ એક ઘર હોય, બિંદુનો કીકો

262. સર્વથા સુસંગત જૂથ જણાવો.
(A) ગોદાનઃ ધનિયા, ભોલા, નંદિની
(B) આરણ્યકઃ ધાતુરિયા, કુંતા, ગોબર
(C) સંસ્કારઃ નારણપ્પા, ભાનુમતિ, શર્મિષ્ઠા
(D) હજાર ચુરાશીરમાઃ સુજાતા, વ્રતી, તુલી

263. સર્વથા સુસંગત જૂથ જણાવો.
(A) થ્રી સિસ્ટર્સઃ માશા, આન્દ્રેવ, રૉબર્ટ
(B) વેઈટિંગ ફોર ગોદોઃ લકી, પોઝો, રેન્ક
(C) ડૉલ્સહાઉસઃ હેલ્મર, નોરા, ક્રોગ્સ્ટેડ
(D) માદામ બોવરીઃ એના, ઑલ્ગા, એસ્ટ્રાગોન

264. સર્વથા સુસંગત જૂથ જણાવો.
(A) ગોરાઃ આનંદમયી, વિનય, સુચરિતા (B) યયાતિઃ શર્મિષ્ઠા, મેનકા, શુક્રાચાર્ય
(C) હયવદનઃ દેવદત્ત, ગૌતમ, કપિલ (D) ગોદાનઃ ગોબર, લોલા, વરદાસુંદરી

265. સર્વથા સુસંગત જૂથ જણાવો.
(A) કાન્હડદે પ્રબંધ, હંસાઉલી, નેમિનાથ ફાગુ
(B) રસમંજરી, મદનમોહના, રેવંતગિરિ-રાસ
(C) વસ્તુગીતા, અખેગીતા, ચંદ્ર-ચંદ્રાવતી
(D) હમીર પ્રબંધ, વિમલ પ્રબંધ, કાન્હડદે પ્રબંધ

266. સર્વથા સુસંગત જૂથ જણાવો.
(A) રઘુવીર ચૌધરી : વાર્તા, નવલકથા, કવિતા
(B) રાજેન્દ્ર શાહ : વાર્તા, કવિતા, આત્મકથા
(C) પ્રહલાદ પારેખ : વાર્તા, કવિતા, નાટક
(D) ઉમાશંકર જોશી : કવિતા, આત્મકથા, નિબંધ

267. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) સોક્રેટીસ : ઓલ્ગા, માશા, સોક્રેટીસ

(B) માનવીની ભવાઈ : રાજુ, કાનજી, ભગત

(C) ગુજરાતનો નાથ : મંજરી, કાક, મુંજાલ

(D) અમૃતા : લવજી, અમૃતા, અનિકેત

268. સર્વથા સુસંગત જૂથ જણાવો

(A) રાનેરી, ક્યાં, અંગત

(B) ધ્વનિ, જનાન્તિકે, શેરી

(C) પ્રિયજન, કાફલો, બારીબહાર

(D) નકલંક, નેળિયું, ફેરો

269. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) ચિત્રલેખા, ગુજરાત મિત્ર, સંદેશ

(B) ફૂલછાબ, ગૃહશોભા, કુમાર

(C) સંસ્કૃતિ, ક્ષિતિજ, પરબ

(D) જયહિન્દ, શબ્દસર, પ્રત્યક્ષ

270. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) દલપતરામ, ખબરદાર, કાકાસાહેબ

(B) નંદશંકર, દ્વિરેફ, કિરીટ દુધાત

(C) રા. વિ. પાઠક, ઉમાશંકર જોશી, સુરેશ જોષી

(D) ગાંધીજી, નિરંજન ભગત, રાવજી પટેલ

271. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) દર્શક : દીપનિર્વાણ, ચૌલાદેવી

(B) પન્નાલાલ : પાછલેબારણે, ભવસાગર

(C) વીનેશ અંતાણી : પ્રિયજન, સ્વપ્નતીર્થ

(D) ચંદ્રકાંત બક્ષી : આકાર, પેરેલિસીસ

272. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) ઑથેલો, ડૉલ્સહાઉસ, થ્રી સિસ્ટર્સ

(B) ધ વેસ્ટલેન્ડ, ઑથેલો, ધ કાસલ

(C) યુલિસિસ, ધ કાસલ, ધ વેસ્ટલેન્ડ

(D) ફાઉસ્ટ, યુલિસિસ, થ્રી સિસ્ટર્સ

273. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) અતિજ્ઞાન, આપની યાદી, રસ્તો

(B) અતિજ્ઞાન, વસંત વિજય, દેવયાની

(C) એકબપોર, આગિયાને, વસંત

(D) વિદાય, જૂનું પિયરઘર, ચક્રવાક મિથુન

274. સર્વથા સુસંગત જૂથ જણાવો.
(A) ગઝલ : કલાપી, સૈફ, ઘાયલ
(B) સૉનેટ : સુરેશ જોશી, ચંદ્રકાંત બક્ષી, સુન્દરમ્
(C) ખંડકાવ્ય : મડિયા, ધીરુ પરીખ, કાન્ત
(D) હાઈકુ : સુમન શાહ, સ્નેહરશ્મિ, કલાપી

275. સર્વથા સુસંગત જૂથ જણાવો.
(A) પ્રેમાનંદ : નળાખ્યાન, મામેરું
(B) નરસિંહ : અભિમન્યુ આખ્યાન, જળકમળ
(C) અખો : અનુભવબિંદુ, મામેરું
(D) દયારામ : છપ્પા, રસિકવલ્લભ

276. સર્વથા અસંગત જૂથ જણાવો.
(A) ધીરુબહેન પટેલ : નિબંધ, નવલકથા, કવિતા
(B) સરોજ પાઠક : વાર્તા, નવલકથા, સંપાદન
(C) હિમાંશી શેલત : વાર્તા, નવલકથા, વિવેચન
(D) વર્ષા અડાલજા : વાર્તા, નવલકથા, અનુવાદ

277. સર્વથા અસંગત જૂથ જણાવો.
(A) આત્મકથા - મારી હકીકત, સત્યના પ્રયોગો
(B) નવલકથા - યાત્રા, છિન્નપત્ર
(C) કાવ્ય - ધ્વનિ, રાનેરી
(D) નિબંધ - શેરી, જનાન્તિકે

278. સર્વથા અસંગત જૂથ જણાવો.
(A) જોસેફ મેકવાનઃ 'આંગળિયાત', 'કૂવો'
(B) મોહન પરમાર - 'નકલંક' 'પોઠ'
(C) શિરીષ પંચાલ - 'આયનો', 'જરા મોટેથી'
(D) સુમન શાહ - 'ખડકી', 'ફરફટિયું'

279. સર્વથા અસંગત જૂથ જણાવો.
(A) સુરેશ જોશી - 'થીંગડું', 'જન્મોત્સવ'
(B) ઉમાશંકર જોષી - 'છેલ્લુંછાણું', બે બહેનો
(C) જયંત ખત્રી - 'ધાડ', 'લોહીનું ટીપું'
(D) મધુરાય - 'ચહેરા', ધારો કે

**280.** સર્વથા અસંગત જૂથ જણાવો.
(A) પંડિત યુગ - ગો. મા. ત્રિપાઠી, કાન્ત, કલાપી
(B) ગાંધીયુગ - મુનશી, મધુ રાય, મેઘાણી
(C) આધુનિક યુગ - સુરેશ જોશી, કિશોર જાદવ, રાધેશ્યામ શર્મા
(D) અનુઆધુનિક યુગ - કિરીટ દુદાત, મોહન પરમાર, હિમાંશી શેલત

**281.** નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.
અ. મમ્મટ : પ્રતિભા જન્મગત છે, મેળવી મેળવાતી નથી.
બ. જગન્નાથ : વ્યુત્પતિ અને અભ્યાસથી સજ્જ થતાં માણસમાં પ્રતિભા જન્મતી જોવામાં આવે છે.
(A) (અ) અને (બ) બન્ને ખોટાં છે. (B) (અ) સાચું છે (બ) ખોટું છે.
(C) (અ) ખોટું છે. (બ) સાચું છે. (D) (અ) અને (બ) બન્ને સાચાં છે.

**282.** નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.
અ. મમ્મટ કાવ્યના મુખ્ય ત્રણ પ્રકાર પાડે છે.
બ. કુંતકની દષ્ટિએ કાવ્યના કુલત્રણ માર્ગ છે.
(A) (અ) સાચું છે પણ (બ) ખોટું છે.
(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(D) (અ) ખોટું છે પણ (બ) સાચું છે.

**283.** નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.
(અ) 'ક' અલ્પપ્રાણ અઘોષ કંઠ્ય વ્યંજન છે.
(બ) 'ખ' મહાપ્રાણ અઘોષ કંઠ્ય વ્યંજન છે.
(A) (અ) અને (બ) બન્ને સાચાં છે. (B) (અ) સાચું પણ (બ) ખોટું છે.
(C) (અ) ખોટું પણ (બ) સાચું છે. (D) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

**284.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.
(અ) 'ચ' અલ્પપ્રાણ અઘોષ તાલવ્ય વ્યંજન છે.
(બ) 'જ' અલ્પ્રાણ ઘોષ તાલવ્ય વ્યંજન છે.
(A) (અ) સાચું અને (બ) ખોટું વિધાન છે.
(B) (અ) ખોટું અને (બ) સાચું વિધાન છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(D) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

**285.** નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.
(અ) ચ, છ, જ, ઝ તાલવ્ય વ્યંજન છે.
(બ) ટ, ઠ, ડ, ઢ મૂર્ધન્ય વ્યંજન છે.
(A) (અ) અને (બ) બન્ને ખોટાં છે. (B) (અ) સાચું પણ (બ) ખોટું છે.
(C) (અ) ખોટું પણ (બ) સાચું છે. (D) (અ) અને (બ) બન્ને સાચાં છે.

**286.** નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.
(અ) 'અગ્નિકન્યા' ધ્રુવ ભટ્ટની નવલકથા છે.
(બ) 'દ્રૌપદી' પ્રતિભા રાયનું નાટક છે.
(A) (અ) સાચું છે પણ (બ) ખોટું છે.
(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(D) (અ) ખોટું પણ (બ) સાચું છે.

**287.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.
(અ) 'સ્મરણસંહિતા'ના લેખક નરસિંહરાવ દિવેટિયા છે.
(બ) 'સ્મરણયાત્રા'ના લેખક ફાધર વાલેસ છે.
(A) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(C) (અ) ખોટું છે, પણ (બ) સાચું છે.
(D) (અ) સાચું છે, પણ (બ) ખોટું છે.

**288.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.
(અ) 'રાઈનો પર્વત' નાટક રમણભાઈ નીલકંઠનું છે.
(બ) 'જાલકા' નાટકના લેખક હસમુખ બારાડી છે.
(A) (અ) સાચું પણ, (બ) ખોટું છે. (B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે. (D) (અ) ખોટું પણ (બ) સાચું છે.

**289.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.
(અ) 'અ ડૉલ્સ હાઉસ' નારીમુક્તિની વાત કરતું નાટક છે.
(બ) 'ધ ઓલ્ડમેન એન્ડ ધ સી' માનવીય શ્રમનું ગૌરવ કરતી નવલકથા છે.
(A) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(C) (અ) સાચું છે, અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે, અને (બ) સાચું છે.

**290.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.
(અ) કીર્તિદેવ મુંજાલનો પુત્ર છે.
(બ) ત્રિભુવનપાલ દેવપ્રસાદનો પુત્ર છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(C) (અ) સાચું છે, પણ (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે, પણ (બ) સાચું છે.

**291.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.
(અ) તુલનાત્મક સાહિત્યમાં બેમાંથી કઇ કૃતિ ચડિયાતી તેનો અભ્યાસ થાય છે.
(બ) તુલનાત્મક સાહિત્ય બે કૃતિ વચ્ચે સામ્ય-વૈષમ્યનો અભ્યાસ કરે છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે. (B) (અ) ખોટું છે અને (બ) સાચું છે.
(C) (અ) અને (બ) બન્ને ખોટાં છે. (D) (અ) સાચું છે અને (બ) ખોટું છે.

**292.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.
(અ) મહાદેવ, નીલામ્બર, ઉષ્ણોદક – એ કર્મધારય સમાસના ઉદાહરણ છે.
(બ) વીણાપાણિ, દામોદર, શ્વેતાંબર – એ બહુવ્રીહિ સમાસના ઉદાહરણ છે.

(A) (અ) અને (બ) બન્ને ખોટાં છે. (B) (અ) સાચું, અને (બ) ખોટું છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે. (D) (અ) ખોટું, અને (બ) સાચું છે.

**293.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.
(અ) ઉપમેય અને ઉપમાન એક જ છે એમ હોય ત્યારે રૂપક અલંકાર
(બ) ઉપમેય ને ઉપમાન કરતાં ચડિયાતું બતાવાય ત્યારે વ્યતિરેક અલંકાર

(A) (અ) સાચું, અને (બ) ખોટું છે. (B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે. (D) (અ) ખોટું, અને (બ) સાચું છે.

**294.** નીચેનામાંથી વ્યંજન સંધિવાળું દૃષ્ટાંત કયુ છે?
(A) પ્રતિ + ઉત્તર (B) પ્રતિ + એક
(C) તત્ + લીન (D) ઈતિ + આદિ

**295.** 'સિદ્ધહેમ'માં હેમચંદ્રાચાર્યએ જે દુહાઓના ઉદાહરણ આપેલા છે, એની ભાષા કઈ છે?
(A) કાઠિયાવાડી (B) પ્રાકૃત
(C) સંસ્કૃત (D) અપભ્રંશ

**296.** નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) કોમેડી, એરિંગ, બેન્ક, ટિકિટ - એ અંગ્રેજી ભાષાના શબ્દો છે.

(બ) ચાવી, પાટલૂન, મોસંબી, કપ્તાન - એ પોર્ચુગીઝ ભાષાના શબ્દો છે.

(A) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(B) (અ) ખોટું, પણ (બ) સાચું છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(D) (અ) સાચું, પણ (બ) ખોટું છે.

**297.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.

(અ) 'અ' - એ પૂર્વપ્રત્યય નકારનો અર્થ દર્શાવે છે.

(બ) 'બિન' એ પૂર્વપ્રત્યય ઊલટાપણાનો અર્થ દર્શાવે છે.

(A) (અ) સાચું, પણ, (બ) ખોટું છે.
(B) (અ) ખોટું, પણ (બ) સાચું છે.
(C) (અ) અને (બ) ખોટાં છે.
(D) (અ) અને (બ) બન્ને સાચાં છે.

**298.** નીચેના વિધાનોની સાર્થકતા તપાસો.

(અ) ઢોરઢાંખર, આટઆટલું, ખબર અંતર - એ રવાનુકારીના ઉદાહરણ છે.

(બ) ટનનન, ઢમઢમ, છમછમ - દ્વિરુકતના ઉદાહરણ છે.

(A) (અ) અને (બ) સાચાં છે.
(B) (અ) અને (બ) ખોટાં છે.
(C) (અ) સાચું છે, (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે (બ) સાચું છે.

**299.** વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'અતિવાસ્તવવાદ' - એટલે જ સર્રિયલિઝમ

(બ) 'વિઘટનશીલ સિધ્ધાંત - એટલે મોડર્નિઝમ'

(A) (અ) સાચું છે, (બ) ખોટું છે.
(B) (અ) ખોટું છે, (બ) સાચું છે.
(C) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(D) (અ) અને (બ) બન્ને સાચાં છે.

**300.** આ પૈકી કયા સર્જકને જ્ઞાનપીઠ ઍવોર્ડ મળ્યો નથી?

(A) ઉમાશંકર જોષી
(B) પન્નાલાલ પટેલ
(C) રાજેન્દ્ર શુકલ
(D) રઘુવીર ચૌધરી